# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૩/૨/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સીઇઓ)

---

## ચેમ્બર દ્વારા યાર્ન અને ફેબ્રિકના નવા ઉત્પાદનોની તકો ઉપર માહિતીપ્રદ વર્કશોપ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર (જીએફઆરઆરસી) દ્વારા મંગળવારે, તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે નાનપુરા સમૃદ્ધિ ખાતે ફેબ્રિકના નવા ઉત્પાદનોની તકોની માહિતી માટે વર્કશોપ યોજાયો હતો. જેમાં ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝના નિષ્ણાત વકતાઓ દ્વારા ''ન્યુ કલેકશન ઓફ યાર્ન એન્ડ ફેબ્રિકસ'' અને ''ફેન્સી યાર્ન એન્ડ ન્યુ ફેબ્રિક કન્સેપ્ટ્સ'' વિશે વેપારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભીક ઉદ્‌બોધન કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે સુરતમાં ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી અપગ્રેડ થશે તો જ વિશ્વના બજારમાં ટકી શકાશે. નાના વેપારીઓને પણ ડેવલપ કરી કલસ્ટર બનાવીને કામ કરીશુ તો ચોકકસથી સફળ થઇશું.

ચેમ્બરની જીએફઆરઆરસી કમિટીના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યુ હતુ કે ટેક્ષ્ટાઇલ ક્ષેત્રની વિવિધ જાણકારી વેપારીઓ સુધી પહોંચાડવા માટે નિષ્ણાત વકતાઓને આમંત્રિત કરીને અત્યાધુનિક ટેકનોલોજીની માહિતી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. ગ્લોબલ માર્કેટની ડિમાન્ડ મુજબ ઉત્પાદન કરવુ પડશે. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી હવે મોર્ડનાઇઝેશન ઉપર કામ કરી રહી છે અને ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી પણ પ્રોગ્રેસ થઇ રહી છે.

ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીના શ્રી કિરણ પંડયાએ સ્પ્રીંગ સમર ૨૦૨૦ની ડિઝાઇન સંદર્ભે વેપારીઓને માહિતી આપી હતી. તેમણે યાર્ન અને ફેબ્રિકસના નવા ઉત્પાદનો વિશે સમજણ આપી હતી. વિસ્કોસ, મોડાલ અને સોલ્વન્ટ ફાયબર વિશે માહિતી આપી હતી. સુશ્રી તુલીકા ચૌધરીએ વેપારીઓને લીવા કેમ્પેઇન ઇન્ટીગ્રેશન વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે દોઢ મહિના પહેલાંથી તેમના દ્વારા કલેકશન કરવામાં આવે છે. ડોમેસ્ટીક બ્રાન્ડથી ઇનપુટ લેવામાં આવે છે અને ફેબ્રિક વિશે ફોરકાસ્ટ લેવામાં આવે છે. શ્રી રાજેશ વટાલીયા, શ્રી જિગર ખત્રી અને શ્રી હેમંત મહેતાએ વેપારીઓને માહિતગાર કરવા માટે વિવિધ ફેબ્રિકના સેમ્પલ વર્કશોપમાં રજૂ કરવામાં આવ્યા હતા.

ફિયાસ્વીના ચેરમેન શ્રી ભરત ગાંધીએ કહયુ હતુ કે સિલ્ક મોંઘુ થઇ રહયુ છે એટલે પોલીસ્ટર ચાલશે જ. બસ નવા ટ્રેન્ડનો અભ્યાસ કરીને આગળ વધવુ પડશે.

ચેમ્બરની જીએફઆરઆરસી કમિટીના એડવાઇઝર શ્રી મહેન્દ્ર કાજીવાલા અને કો – ચેરમેન શ્રી હિમાંશુ બોડાવાલાએ પ્રાસંગિક વિધીઓ કરી હતી. નિષ્ણાત વકતાઓએ વેપારીઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ વર્કશોપનું સમાપન થયુ હતુ.